ગુજરાત રાજ્ય અન્ન આયોગ

ગુજરાત સરકાર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

# ગુજરાત રાજ્ય અન્ન આયોગ

## પાંચમો વાર્ષિક અહેવાલ
## ૨૦૨૧-૨૨


''અન્ન ભવન'', ટાઉન હોલની બાજુમાં, સેક્ટર-૧૭,ગાંધીનગર-૩૮૨૦૧૭

ફોન નંબર.(૦૭૯) ૨૩૨ ૫૮૪૯૦

**E-mail ID:** sfc-gujarat@gujarat.gov.in

**Website:** https://foodcommission.gujarat.gov.in

ગુજરાત રાજ્ય અન્ન આયોગ

ગુજરાત સરકાર
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

# ગુજરાત રાજ્ય અન્ન આયોગ

## પાંચમો વાર્ષિક અહેવાલ- ૨૦૨૧-૨૨





**"અન્ન ભવન", ટાઉન હોલની બાજુમાં, સેક્ટર–૧૭, ગાંધીનગર–૩૮૨૦૧૭**

**ફોન નંબર.(૦૭૯) ૨૩૨ ૫૮૪૯૦**

**E-mail ID: sfc-gujarat@gujarat.gov.in**

**Website: https://foodcommission.gujarat.gov.in**



## સંદેશ

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (NFSA-૨૦૧૩) ની કલમ-૧૬(૬)(એફ)ની જોગવાઇ મુજબ ગુજરાત રાજ્ય અન્ન આયોગનો વાર્ષિક અહેવાલ આયોગે વિધાનસભામાં રજૂ કરવાનો હોય છે. તદ્અનુસાર ગુજરાત રાજ્ય અન્ન આયોગનો વર્ષ ૨૦૨૧-૨૨ નો વાર્ષિક અહેવાલ ગુજરાત વિધાનસભા સમક્ષ રજૂ કરતાં આનંદ અનુભવુ છું.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબોને રાઇટ ટુ ફૂડ (R.T.F.) મેળવવાના હકકનું સરકારી તંત્ર દ્વારા સુનિશ્ચિત રીતે અમલ થાય તે માટે અત્યંત જવાબદારી પૂર્વક કાર્યવાહી કરવા તેમજ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ અન્વયે છેવાડાના નાગરિકને નિયત જથ્થામાં અને સમયસર અનાજ મળી રહે તે માટે આયોગ પ્રતિબધ્ધ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા "અન્ન સલામતી કાયદા, ૨૦૧૩" અંતર્ગત પાત્રતા ધરાવતા પરંતુ વિવિધ કારણોસર બાકાત રહી ગયેલ લાભાર્થીઓના સર્વે માટે ઝુંબેશ હાથ ધરીને એન.એફ.એસ.એ. હેઠળ સમાવેશ કરવા અંગેની કામગીરી કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના ઉપરોક્ત નિર્ણયથી અંદાજે ૧૦ લાખ કુટુંબોની ૫૦ લાખ જેટલી જનસંખ્યાને "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા, ૨૦૧૩" હેઠળ આવરીને વ્યક્તિદીઠ ૧ કિલો ઘઉં તથા ૪ કિલો ચોખા મળીને ૫ કિલો અનાજ આપવામાં આવેલ છે. આ ઉપરાંત રોજગાર કે અન્ય કારણોસર ગુજરાતમાં વસવાટ કરતા હોય તેવા N.F.S.A. રેશનકાર્ડ ધરાવતા પરપ્રાંતિય નાગરિકો Inter State Portability અંતર્ગત સમગ્ર રાજ્યમાં આવેલ ૧૭ હજારથી વધુ વાજબી ભાવની દુકાનો પૈકી પસંદગીની કોઇપણ દુકાનેથી અન્ન પુરવઠો મેળવી શકાય તે સુનિશ્ચિત કરવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવે તથા N.F.S.A. રેશનકાર્ડ ધારક પોતાના કોઇપણ હાથના અંગૂઠા / આંગળીની છાપ દ્વારા અથવા પોતાના નોંધાયેલ મોબાઇલ પર OTP (One Time Password) મેળવી, પોતાની ઓળખ પ્રસ્થાપિત કરીને સમગ્ર રાજ્યમાં કોઇપણ વાજબી ભાવની દુકાનેથી અન્ન પુરવઠો મેળવી શકે તે સુનિશ્ચિત કરવા અંગે આયોગ દ્વારા સતત દેખરેખ અને સમીક્ષાની કામગીરી કરવામાં આવેલ છે.

આ ઉપરાંત મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોના લાભાર્થી બાળકો, આંગણવાડી કેન્દ્રોનાં લાભાર્થી બાળકો, ધાત્રી માતાઓ અને સગર્ભા મહિલાઓને નિયમિત રીતે સરકાર દ્વારા નિયત કરેલ મેનુ મુજબનો, નિયત ગુણવત્તા ધરાવતો પોષણક્ષમ આહાર મળી રહે તે હેતુસર ગુજરાત રાજ્ય અન્ન આયોગ દ્વારા સતત દેખરેખ તથા સમીક્ષાની કામગીરી કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ નો ચુસ્તપણે અમલ થાય અને રાજ્યનો પાત્રતા ધરાવતો કોઈપણ વ્યક્તિ અનાજથી તથા પોષણક્ષમ આહારથી વંચિત ન રહી જાય તે હેતુનું ચુસ્તપણે અમલીકરણ કરવા માટે ગુજરાત રાજ્ય અન્ન આયોગ પ્રતિબધ્ધ છે.

તા. ૧૧/૦૧/૨૦૨૩
ગાંધીનગર

**મોહમ્મદ શાહિદ, IAS**
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય અન્ન આયોગ

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | ગુજરાત રાજ્ય અન્ન આયોગનો પરિચય | ૧ |
| ૨ | ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના | ૨ |
| ૩ | ગુજરાત રાજ્ય અન્ન આયોગની કામગીરી | ૪ |
| ૪ | ગુજરાત રાજ્ય અન્ન આયોગને સીધી મળેલ ફરિયાદોની વિગતો | ૬ |
| ૫ | ગુજરાત રાજ્ય અન્ન આયોગની કચેરીમાં મળેલ બેઠકોની વિગતો | ૬ |
| ૬ | ગુજરાત રાજ્ય અન્ન આયોગની વેબસાઇટ | ૭ |
| ૭ | ગુજરાત રાજ્ય અન્ન આયોગનું બજેટ | ૭ |
| ૮ | માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ બાબત | ૮ |
| ૯ | જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીશ્રીઓના ટેલીફોન નંબર, E-mail ID ની વિગતો દર્શાવતું પત્રક–એનેક્ષર–૧ | ૯ |

# ગુજરાત રાજ્ય અન્ન આયોગ

## પરિચય

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ અન્વયે લાભાર્થીઓને વાજબી ભાવની દુકાનો પરથી નિયત ભાવે, નિયત જથ્થાનું અને નિયત ગુણવત્તાનું અનાજ મળી રહે, પાત્રતા ધરાવતી કોઈપણ વ્યક્તિ અનાજથી વંચિત ન રહી જાય; મધ્યાહન ભોજન યોજના હેઠળ પ્રાથમિક શાળાના બાળકોને નિયત કરેલ મેનુ મુજબનો ગુણવત્તાયુક્ત આહાર મળી રહે તેમજ આંગણવાડી કેન્દ્રો પર આંગણવાડીના બાળકો, ધાત્રી માતાઓ અને સગર્ભા મહિલાઓને નિયત ગુણવત્તાયુક્ત અને પોષણક્ષમ આહાર પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે અને સમગ્રતયા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ નો સુચારૂ રીતે અમલ થાય તે માટે આયોગ પ્રતિબધ્ધ છે. ગુજરાત રાજ્ય અન્ન આયોગ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા, ૨૦૧૩ ની કલમ-૧૬ (૬)(એ) અનુસાર રાજ્યના નાગરિકોની અન્ન સલામતી માટે જાહેર પુરવઠા તંત્ર પર દેખરેખ અને સમીક્ષાની કામગીરી, કલમ-૧૬(૬)(બી) અનુસાર suo motu ફરિયાદ દાખલ કરી તે પરત્વે તપાસની કામગીરી તથા અરજદારશ્રીની સીધી ફરિયાદ પરત્વે તપાસની કામગીરી તેમજ કલમ-૧૬(૬)(ઈ) અન્વયે જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીશ્રીના નિર્ણયની સામે કરવામાં આવેલ અપીલની સુનવણીની કાર્યવાહી કરે છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ લાભાર્થીઓને મળવાપાત્ર અનાજ / આહારને લગતી આનુષાંગિક ફરિયાદોના નિવારણ માટે સરકારશ્રીના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના તા.૨૫/૧૧/૨૦૧૬ ના જાહેરનામાં ક્રમાંક: જીટીએચ/૨૦૧૬/૪૫/પીડીએસ/૧૦-૨૦૧૬/૧૫૧/સી-૧ થી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા, ૨૦૧૩ ના હેતુઓ માટે સબંધિત જિલ્લાના નિવાસી અધિક કલેક્ટરશ્રી (R.A.C) ને જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી તરીકે મુકરર કરવામાં આવેલ છે. જો લાભાર્થી જીલ્લા ફરિયાદ નિવારણ અધિકારીના નિર્ણયથી અસંતુષ્ઠ હોય તો ગુજરાત રાજ્ય અન્ન આયોગને અપીલ કરી શકે છે. વધુમાં લાભાર્થી આયોગને સીધી ફરિયાદ પણ કરી શકે છે. સમાચારપત્રોમાં પ્રકાશિત અહેવાલ પરત્વે તથા અન્ય કોઈપણ રીતે જરૂર જણાયે આયોગ suo motu કાર્યવાહી પણ કરે છે.

********

# ગુજરાત રાજય અન્ન આયોગની રચના

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા, ૨૦૧૩ ની કલમ–૧૬ ની પેટા કલમ (૧) મુજબ અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના તા.૨૧/૦૩/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક–GTH/2017/11/PDS/102016/1667/C1 અન્વયે ગુજરાત રાજય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા, ૨૦૧૩ ની કલમ–૧૬ અને કલમ–૪૦ ની જોગવાઇ મુજબ ગુજરાત રાજય અન્ન આયોગના કાર્યરીતિ અંગેના નિયમો અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના તા.૨૬/૧૦/૨૦૧૬ ના જાહેરનામાં ક્રમાંક–GTH/2016/36/PDS/102016/2086/C1 થી બહાર પાડવામાં આવ્યા.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના તા.૨૫/૧૧/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક: GTH/2016/45/PDS/10-2016/151/C1 અન્વયે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાના હેતુ માટે સંબંધિત જિલ્લાનાં નિવાસી અધિક કલેકટરશ્રી (આર.એ.સી.) ને જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી તરીકે મુકરર કરેલ છે અને અમદાવાદ શહેરી વિસ્તાર માટે અન્ન નિયંત્રકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરીને ફરિયાદ નિવારણ અધિકારી તરીકે પણ મુકરર કરેલ છે.

ગુજરાત રાજય અન્ન આયોગનો શુભારંભ તા.૧૦/૦૫/૨૦૧૭ ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના હસ્તે થયેલ.

આયોગના માન.અધ્યક્ષશ્રી, માન.સભ્ય સચિવશ્રી અને માન.સભ્યશ્રીઓની નિયુક્તિની બોલીઓ અને શરતો અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગનાં તા.૧૮/૦૯/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક:GTH/2017/23/PDS/ 102016/2572/C1 થી નક્કી કરવામાં આવેલ છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના તા.૨૯/૧૦/૨૦૨૦ જાહેરનામા ક્રમાંક:GTH/2017/12/PDS/102017/92282/C1 થી આયોગના માન.અધ્યક્ષશ્રી તથા તા.૨૫/૦૧/૨૦૨૨ જાહેરનામા ક્રમાંકઃGTH/2020/16/PDS/102020/198/C1 થી આયોગના સભ્ય સચિવશ્રીની નિયુક્તિ કરવામાં આવેલ છે. આયોગના સભ્યશ્રીઓ (કુલ–૫) ની જગ્યાઓ હાલ ખાલી છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી મોહમ્મદ શાહિદ (IAS) | માન.અધ્યક્ષશ્રી |
| ૨ | શ્રી વી.જી.વણઝારા | સભ્ય સચિવશ્રી |

ગુજરાત રાજય અન્ન આયોગની કચેરી માટે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવેલ મહેકમની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | નામ | હોદ્દો | મંજૂર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી આઇ.યુ.નાયક | ઉપસચિવશ્રી (વર્ગ–૧) | ૧ | ૧ | ૦ |
| ૨ | શ્રી જે.વી.સાગર | સેકશન અધિકારી (વર્ગ–૨) | ૧ | ૧ | ૦ |
| ૩ | શ્રી પ્રતિક કોડીયાતર | નાયબ સેકશન અધિકારી (વર્ગ–૩) | ૧ | ૧ | ૦ |
| ૪ | ખાલી જગ્યા | ઓફીસ આસિસ્ટન્ટ (વર્ગ–૩) | ૧ | ૦ | ૧ |
| ૫ | શ્રી અમિત એસ.પટેલ | સબ ઓડીટર (વર્ગ–૩) | ૧ | ૧ | ૦ |
| | | કુલ | ૫ | ૪ | ૧ |

ગુજરાત રાજય અન્ન આયોગની કચેરી ખાતે આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | હોદ્દો | મંજૂર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | સ્ટેનોગ્રાફર ગુજરાતી | ૪ | ૧ | ૩ |
| ૨ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૪ | ૩ | ૧ |
| ૩ | પટાવાળા | ૭ | ૩ | ૪ |
| ૪ | પટાવાળા કમ સ્વીપર | ૨ | ૨ | ૦ |
| ૫ | ડ્રાઇવર | ૧ | ૦ | ૧ |
| | કુલ | ૧૮ | ૯ | ૯ |

********

# ગુજરાત રાજ્ય અન્ન આયોગની કામગીરી

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગનાં તા.૨૧/૦૩/૨૦૧૭ ના જાહેરનામાં ક્રમાંક–GTH/2017/11/PDS/102016/1667/C1 થી ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે. (૧) ગુજરાત રાજ્ય અન્ન આયોગ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા, ૨૦૧૩ ની કલમ–૧૬(૬)(એ) અનુસાર રાજ્યના નાગરિકોની અન્ન સલામતી માટે જાહેર પુરવઠા તંત્ર પર દેખરેખ અને સમીક્ષાની કામગીરી, કલમ–૧૬(૬)(બી) અનુસાર suo motu ફરિયાદ દાખલ કરી તે પરત્વે તપાસની કામગીરી તથા આયોગને મળતી સીધી ફરિયાદ પરત્વે તપાસની કામગીરી કરે છે. (૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા, ૨૦૧૩ ની કલમ–૧૬(૬)(સી) તથા (ડી) અન્વયે આયોગ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા, ૨૦૧૩ ના અસરકારક અમલીકરણ બાબતે રાજ્ય સરકારને, સરકારી એજન્સીઓને, સ્વાયત્ત સંસ્થાઓને તથા જાહેર પુરવઠા તંત્રની કામગીરી સાથે જોડાયેલ ખાનગી સંસ્થાઓને આવશ્યક સૂચનો આપી શકે છે. (૩) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા, ૨૦૧૩ ની કલમ–૧૬(૬)(ઈ) અન્વયે આયોગ જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીશ્રીના નિર્ણયની સામે કરવામાં આવેલ અપીલની સુનવણીની કાર્યવાહી કરે છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ અન્વયે અંત્યોદય અન્ન યોજના હેઠળના રાશનકાર્ડ ધારકોને વાજબી ભાવની દુકાનેથી સરકાર દ્વારા કુટુંબદીઠ દર મહિને ૧૫ કિલો ઘઉં રૂ.૨/– પ્રતિ કિ.ગ્રા. ના ભાવે તથા ૨૦ કિલો ચોખા રૂ.૩/– પ્રતિ કિ.ગ્રા. ના ભાવે તથા અગ્રતા ધરાવતા કુટુંબ હેઠળના રેશનકાર્ડ ધારકોને વ્યકિત દીઠ પ્રતિ માસ ૧ કિલો ઘઉં રૂ.૨/– પ્રતિ કિ.ગ્રા. ના ભાવે તથા ૪ કિલો ચોખા રૂ.૩/–પ્રતિ કિ.ગ્રા. ના ભાવે મળી રહે અને પાત્રતા ધરાવતી કોઈપણ વ્યક્તિ મળવાપાત્ર અનાજથી વંચિત ન રહી જાય અને કાયદાનો સુચારૂ રીતે અમલ થાય એ માટે દેખરેખ અને સમીક્ષાની કામગીરી આયોગ દ્વારા હાથ ધરવામાં આવે છે. કાર્ડ ધારકો નિયત ભાવે મળવાપાત્ર અનાજ ન મળવા બાબતે, ઓછું અનાજ મળવા બાબતે તથા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા, ૨૦૧૩ અન્વયે લાભાર્થી તરીકે સમાવેશ ન કરવા બાબતની ફરિયાદ જિલ્લા કક્ષાએ જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી (DGRO) તરીકે નિયુક્ત કરેલ નિવાસી અધિક કલેકટરશ્રીને કરી શકે છે.

મધ્યાહન ભોજન યોજના અન્વયે સરકારશ્રી દ્વારા નિયત કરેલ મેનું મુજબનો નિયત ગુણવત્તા ધરાવતો અને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે તેમજ તેને લગતી ફરિયાદોનાં નિવારણ માટે જિલ્લા કક્ષાએ DGRO તરીકે શિક્ષણ વિભાગ દ્વારા નિવાસી અધિક કલેકટરશ્રીની નિમણૂંક કરવામાં આવે છે.

આંગણવાડી કેન્દ્રની યોજનાઓ અન્વયે સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓને તથા આંગણવાડીનાં બાળકોને સરકારશ્રી દ્વારા નિયત કરેલ પોષણક્ષમ આહાર મળવા અંગેની ફરિયાદોનાં નિવારણ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ DGRO તરીકે જિલ્લા પંચાયતના વર્ગ–૧ ના અધિકારીશ્રીની નિમણૂંક કરવામાં આવે છે.

લાભાર્થીઓ ઉપર્યુક્ત DGRO ના નિર્ણયથી અસંતુષ્ઠ હોય તો તેમના નિર્ણય સામે રાજ્યકક્ષાએ ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગરને અપીલ કરી શકે છે. તદુપરાંત ગુજરાત રાજ્ય અન્ન આયોગને સીધી અરજી કે ફરિયાદ પણ કરી શકાય છે તેમજ જરૂર જણાયેથી આયોગ suo motu કાર્યવાહી કરીને પણ ફરિયાદોનો નિકાલ લાવે છે.

વધુમાં જીલ્લા કક્ષાએ ફરિયાદ નિવારણ અધિકારીશ્રીને ફરિયાદ કરવા બાબતે તથા રાજ્યકક્ષાએ આયોગમાં અપીલ તેમજ સીધી ફરિયાદ કરી શકવાના લાભાર્થીઓના અધિકારો બાબતે જાણકારી મળે તે હેતુસર જાહેરાતના વિવિધ માધ્યમો જેવા કે રેડિયો, ટેલિવિઝન, હોર્ડિંગ્સ, એસ.ટી. બસ પર તથા બસની અંદરની એલ.ઈ.ડી. પેનલ પર વગેરે દ્વારા ગુજરાત રાજ્ય અન્ન આયોગ રાજ્યભરમાં પ્રચાર–પ્રસારની કામગીરી કરે છે.

**********

## ગુજરાત રાજય અન્ન આયોગને સીધી મળેલ ફરિયાદોની વિગતો

આયોગને તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં **કુલ–૧૬૮૭** અરજી / ટપાલ મળેલ હતી. જેમાં લાભાર્થીઓ તરફથી વાજબી ભાવની દુકાનમાંથી અનાજનો પૂરતો જથ્થો ન મળવા બાબત અંગેની, અનાજ ગુણવત્તાસભર ન હોવા અંગેની, મધ્યાહન ભોજન યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓને નિયત મેનુ મુજબ આહાર ન મળવા કે ઓછો મળવા અંગેની, નિયત પોષણક્ષમ આહાર ગુણવત્તાસભર ન હોવા અંગેની તથા આંગણવાડી કેન્દ્રોના લાભાર્થી બાળકો, સગર્ભા મહિલાઓ તથા ધાત્રી માતાઓને નિયત પોષણક્ષમ આહાર ન મળવા કે ઓછો મળવા અંગેની તેમજ આહાર ગુણવત્તાસભર ન હોવા અંગેની **કુલ–૬૩૬** ફરિયાદો સીધી મળેલ છે. જે અંગે જિલ્લા કક્ષાએ જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીશ્રી પાસેથી અહેવાલો મેળવવામાં આવેલ અને તમામ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવેલ છે. તમામ અરજીઓનો હકારાત્મક નિકાલ આવવાના કારણે અપીલમાં જવાની આવશ્યકતા જણાયેલ ન હોઈ સદરહુ સમયગાળા દરમ્યાન આયોગને કોઇ અપીલ મળેલ નથી.

આયોગ ખાતે વર્ષ–૨૦૧૭ થી વર્ષ–૨૦૨૨ સુધી કુલ–૫ અપીલો મળેલ છે. જેની સામે છેલ્લા બે વર્ષમાં આયોગને સીધી મળેલ અરજીઓની સંખ્યામાં અનેકગણો વધારો જોવા મળેલ છે. આયોગ દ્વારા સીધી અરજીઓ પરત્વે સંદર્ભ કર્યા બાદ મોટેભાગે અરજદારશ્રીની સમસ્યાનું નિરાકરણ આવતું હોવાનું જણાયું છે, જે કારણે આયોગને મળેલ અપીલો અત્યંત ઓછી છે જ્યારે આયોગને મળતી સીધી અરજીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયેલ છે.

**********

## ગુજરાત રાજય અન્ન આયોગની કચેરીમાં મળેલ બેઠકોની વિગતો

ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગર ખાતે સદરહુ સમયગાળા દરમિયાન નિયમિત માનનીય અધ્યક્ષશ્રી તથા સભ્યશ્રીઓની જગ્યા ખાલી હોવાના કારણે બેઠકનું આયોજન કરવામાં આવેલ નથી. જોકે આયોગના સભ્ય સચિવશ્રી દ્વારા રાજ્યના કેટલાક જિલ્લાઓની મુલાકાત લઈ સ્થાનિક પુરવઠાતંત્રના અધિકારીઓ સાથે બેઠક કરી પુરવઠાતંત્રની કામગીરીની સમીક્ષા કરવામાં આવેલ છે.

**********

## ગુજરાત રાજય અન્ન આયોગની વેબસાઈટ

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ ના સુચારૂ અમલીકરણ માટે લાભાર્થીઓને તેમજ જાહેર જનતાને પણ જરૂરી માહિતી ઉપલબ્ધ થાય તે માટે સરકાર દ્વારા ગુજરાત રાજય અન્ન આયોગની અદ્યતન વેબસાઈટ (https://foodcommission.gujarat.gov.in) પણ ગુજરાતી અને અંગ્રેજી બંનેમાં ડેવલપ કરવામાં આવી છે. જેમાં ગુજરાત રાજય અન્ન આયોગની પ્રવૃત્તિઓ, ઉદ્દેશો, માન.અધ્યક્ષશ્રી, સભ્ય સચિવશ્રી તથા સભ્યશ્રીઓની યાદી, અપીલો, ફરિયાદો અને suo motu કેસોની આંકડાકીય માહિતી, કાયદા નિયમો, જાહેરનામા, સરકારી ઠરાવ, ચુકાદાઓ, અરજીપત્રકો, અંદાજપત્રની વિગતો, ટૂંકી પ્રશ્નોત્તરી, સંપર્ક અને મીડિયા જેવી વિગતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

**********

## ગુજરાત રાજય અન્ન આયોગનું બજેટ

ગુજરાત રાજય અન્ન આયોગ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂા.૩૫૬.૭૫ લાખની બજેટ ફાળવણી થયેલ, જે પરત્વે બાદમાં સુધારા અંદાજપત્રની જોગવાઈ રૂા.૨૬૧.૦૦ લાખ જોગવાઈ થયેલ છે.

***********

# માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ બાબત

માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૫(૧) તથા કલમ–૫(૨) અને કલમ–૧૯ (૧) ની જોગવાઈ અન્વયે ગુજરાત રાજ્ય અન્ન આયોગમાં જાહેર માહિતી અધિકારી તથા એપલેટ અધિકારી તરીકે નીચે મુજબના અધિકારીશ્રીઓની નિયુકિત કરવામાં આવે છે.

**(૧) જાહેર માહિતી અધિકારી :–**

**શ્રી જે.વી.સાગર**

સેકશન અધિકારી, ગુજરાત રાજ્ય અન્ન આયોગ,

"અન્ન ભવન", ટાઉન હોલની બાજુમાં, સેકટર–૧૭, ગાંધીનગર.

ટેલિફોન નં. ૦૭૯–૨૩૨–૫૮૪૮૬

**(૨) એપલેટ અધિકારી :–**

**શ્રી આઇ.યુ.નાયક**

ઉપસચિવશ્રી, ગુજરાત રાજ્ય અન્ન આયોગ,

"અન્ન ભવન", ટાઉન હોલની બાજુમાં, સેકટર–૧૭, ગાંધીનગર.

ટેલિફોન નં. ૦૭૯–૨૩૨–૫૮૪૯૨

**********

## એનેક્ષ્ચર–૧

| DGRO-RAC All District of Gujarat | | | |
|---|---|---|---|
| Sr. No. | DISTRICT | PHONE NO. (STD Code) | E-mail |
| 1 | Ahmedabad | 079-27551046 | collector-ahd@gujarat.gov.in |
| 2 | Amreli | 0279-228903 | collector-amr@gujarat.gov.in |
| 3 | Anand | 02692-262040 | collector-and@gujarat.gov.in |
| 4 | Arvalli | 02774-250214 | collectoraravalli@gmail.com |
| 5 | Banaskanta | 02742-252530<br>02742-254004 | collector-ban@gujarat.gov.in |
| 6 | Bharuch | 02642-222332 | collector-bha@gujarat.gov.in |
| 7 | Bhavnagar | 0278-2421881 | collector-bav@gujarat.gov.in |
| 8 | Botad | 02849-271302 | collector-botad@gujarat.gov.in |
| 9 | Chhotaudepur | 02669-233004 | collectorchhotaudepur@gmail.com |
| 10 | Dahod | 02673-239234 | collector-dah@gujarat.gov.in |
| 11 | Dang | 02631-220221 | collector-dan@gujarat.gov.in |
| 12 | Devbhumi-Dwarka | 02833-232620<br>02833-232804 | collector-devbdwarka@gujarat.gov.in |
| 13 | Gandhinagar | 079-23259035 | collector-gnr@gujarat.gov.in |
| 14 | Gir Somnath | 02876-240003 | collectorgirsomnath@gmail.com<br>collector-girsomnath@gujarat.gov.in |
| 15 | Jamnagar | 0288-2550284 | collector-jam@gujarat.gov.in |
| 16 | Junagadh | 0285-2636666 | collector-jun@gujarat.gov.in |
| 17 | Kachchh | 02832-250650 | collector-kut@gujarat.gov.in |
| 18 | Kheda | 0268-2553336 | collector-khe@gujarat.gov.in |
| 19 | Mahisagar | 02674-250666 | collector-mah@gujarat.gov.in |
| 20 | Mehsana | 02762-22203 | collector-meh@gujarat.gov.in |
| 21 | Morbi | 02822-241602 | collector-morbi@gujarat.gov.in |
| 22 | Narmada | 02640-222326 | collector-nar@gujarat.gov.in |
| 23 | Navsari | 02637-246299 | collector-nav@gujarat.gov.in |
| 24 | Panchmahals | 02672-242450 | collector-pan@gujarat.gov.in |

| DGRO-RAC All District of Gujarat | | | |
|---|---|---|---|
| Sr. No. | DISTRICT | PHONE NO. (STD Code) | E-mail |
| 25 | Patan | 02766-233400 | collector-pat@gujarat.gov.in |
| 26 | Porbandar | 0286-2221085 | collector-por@gujarat.gov.in |
| 27 | Rajkot | 0281-2476374 | collector-raj@gujarat.gov.in |
| 28 | Sabarkantha | 02772-246012 | collector-sab@gujarat.gov.in |
| 29 | Surat | 0261-2660011 | collector-sur@gujarat.gov.in |
| 30 | Suredranagar | 02752-285200 | collector-srn@gujarat.gov.in |
| 31 | Tapi-Vyara | 02626-224450 | collector-tapi@gujarat.gov.in |
| 32 | Vadodara | 0265-2419700 | collector-vad@gujarat.gov.in |
| 33 | Valsad | 02632-253731 | collector-val@gujarat.gov.in |

------------

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR